# નોલેજ રિયલ્ટી ટ્રસ્ટની રૂ. ૪,૮૦૦ કરોડની પ્રારંભિક જાહેર ઓફર ખૂલી




અમદાવાદ : નોલેજ રિયલ્ટી ટ્રસ્ટ ("REIT"), ગ્રોસ એસેટ વેલ્યૂ ("GAV")* દ્વારા ભારતનું સૌથી મોટું REIT છે અને લિસ્ટિંગ વેળા સૌથી વધુ ભૌગોલિક રીતે વૈવિધ્યસભર ઓફિસ REIT છે. ટ્રસ્ટે તેના ઇશ્યૂ માટે પ્રતિ યુનિટ રૂ. ૯૫ થી રૂ. ૧૦૦ની પ્રાઇસ બેન્ડ નક્કી કરી છે. બિડ/ઇશ્યૂ ૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ખુલ્યો છે અને ૭ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ બંધ થશે. ન્યૂનતમ બિડ કદ રૂ. ૧૫,૦૦૦ છે, જે ન્યૂનતમ રોકાણની રકમ પણ છે. સત્વ ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર બિજય અગ્રવાલે જણાવ્યું હતું કે: 'ત્રીસ વર્ષ પહેલાં, અમે સત્વ શરૂ કર્યું ત્યારે અમે માનતા હતા કે ભારતમાં વિશ્વસ્તનું ઓફિસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોવું જોઇએ. નોલેજ રિયલ્ટી ટ્રસ્ટ એ વિઝનની પરાકાષ્ઠા છે'. બ્લેકસ્ટોન રીઅલ એસ્ટેટના સિનિયર મેનેજિંગ ડિરેક્ટર આશિષ મોહતાએ જણાવ્યું હતું કે, અમારા લાંબા સમયના ભાગીદાર સત્વ સાથે નોલેજ રિયલ્ટી ટ્રસ્ટ શરૂ કરવાનો અમને ઘણો આનંદ થાય છે. બ્લેકસ્ટોન ૨૦૧૧માં શરૂ થયેલા આ ક્ષેત્રમાં શરૂઆતથી જ વિશ્વાસ રાખતી હતી.